# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા એપ્રિલ - 2011

**અભ્યાસક્રમ** : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : ગુજરાતી ગદ્ય **(EGT-01)**

**તારીખ** : **20/04/2011**

**સમય** : **11.00 to 02.00**

**સૂચના** : – દરેક પ્રશ્નોના ગુણ દર્શાવેલ છે.
– દરેક પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે. **કુલ ગુણ : 70**

---

પ્રશ્નઃ–1 નીચેના પૈકી કોઈપણ બે પ્રશ્નોના વિગતે ઉત્તર લખો. (28)

1. 'મુકુંદરાય' વાર્તાના અંતની ચર્ચા કરો.
2. માનચતુર અને ધર્મલક્ષ્મીનું દામ્પત્યજીવન તમારા શબ્દોમાં આલેખો.
3. 'બાધર આગવાળો' નાટયાંશમાં અમલદારની નિષ્ઠુરતા કઈ રીતે પ્રગટ થાય છે ?
4. સત્યને પામવા માટે શું શું કરવું જોઈએ ?

પ્રશ્નઃ–2 નીચેના પૈકી કોઈપણ **ચાર**ના મુદ્દાસર ઉત્તર લખો. (28)

1. ''મનુષ્ય પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી જુએ તો અડધું જગત શાંત થઈ જાય' – આ વિધાન સમજાવો.
2. માજા વેલાનું મૃત્યુના આરંભમાં જ નગર સભ્યતાથી ભિન્ન પડતો આર્યસંસ્કૃતિનો સંદર્ભ છે – તે કઈ બાબતોથી સ્પષ્ટ થાય છે.
3. ધર્મલક્ષ્મીને સમજાયેલો સાચો ધર્મ કયો હતો ?
4. કીર્તિદેવ અને મુંજાલ વચ્ચેનો વ્યકિતત્વભેદ સ્પષ્ટ કરો.
5. ગોપાળબાપા સુરભિને કયો જીવનમંત્ર શીખવે છે ?
6. રાઈ ઈશ્વર પાસે કઈ પ્રાર્થના કરે છે ?
7. 'પેટ' નિબંધના આધારે મનુષ્યના પેટ અંગેનું લેખકે નિરૂપેલું તત્ત્વચિંતન તમારા શબ્દોમાં જણાવો.

પ્રશ્નઃ–3 નીચે આપેલા પ્રશ્નોના સૂચના મુજબ જવાબ આપો. (14)

(અ) તત્સમ્, તદ્‌ભવ, દેશ્ય શબ્દોનું એક એક ઉદાહરણ આપો. (03)

(બ) નીચેના શબ્દોના પ્રત્યય ઓળખાવી અર્થ આપો. (03)
પ્રવિણતા, અવ્યવસ્થા, અજ્ઞાન.

(ક) નીચેના નિપાત કયા અર્થ દર્શાવે છે તે જણાવો. (03)
'જ', 'જી', 'ખરું', 'ખરો', 'ખરી'

(ડ) રૂઢિપ્રયોગના અર્થ આપી, વાકયમાં પ્રયોગ કરો. (03)
ખાંડાની ધારે ચાલવું, જગજીતવું, પાણીમાં બેસી જવું

(ઈ) નીચેની કૃતિઓનું સાહિત્ય સ્વરૂપ જણાવો. (02)
પોસ્ટ ઓફિસ, રાઈનું આંતરમંથન

www.StudyGuideIndia.com

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા એપ્રિલ - 2011

**અભ્યાસક્રમ** : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : ગુજરાતી પદ્ય **(EGT-02)**
**તારીખ** : **20/04/2011**
**સમય** : **03.00 to 06.00**
**સૂચના** : (1) દરેક પ્રશ્નોના ગુણ દર્શાવેલ છે.
(2) દરેક પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે. **કુલ ગુણ : 70**

---

પ્રશ્નઃ–1 નીચેના પૈકી કોઈપણ **બે** ના સવિસ્તાર ઉત્તર લખો. (20)

1. 'અખિલ બ્રહ્માંડમાં' કાવ્યમાં કવિને શ્રી હરિ સૃષ્ટિનાં કયાં કયાં તત્ત્વોમાં વ્યાપી રહેલા જણાય છે ?
2. 'ફુટકળ અંગ' છપ્પાઓમાં અખાએ સમાજમાં વ્યાપ્ત અંધશ્રદ્ધા, જડતા, દંભ વગેરે પર કેવા કટાક્ષ કર્યા છે ?
3. 'પિતા–પુત્રી મિલન'માં આલેખાયેલા હાસ્ય અને કરુણરસનો પરિચય આપો.
4. 'અતિજ્ઞાન'ના કથાવસ્તુનો પરિચય કરાવી સહદેવની મનોવેદના પર પ્રકાશ પાડો.
5. 'વધામણી' સૉનેટના રચનાવસ્થાનો દર્શાવો.
6. 'લાગ્યો કસુંબીનો રંગ' કાવ્યની લાક્ષણિકતાઓ દર્શાવો.

પ્રશ્નઃ–2 નીચેના પૈકી કોઈપણ **ચાર** ના મુદ્દાસર ઉત્તર લખો. (28)

1. 'હરિનો મારગ' માં પ્રગટ થયેલા વિચારો દર્શાવો.
2. 'શ્યામ રંગ સમીપે ન જાવું' માં વ્યકત થયેલી પ્રેમલક્ષણા ભકિતનો પરિચય કરાવો.
3. 'અવસાન–સંદેશ' માં કવિ કોને અને કેવો અવસાન સંદેશ આપે છે ?
4. 'આઠમું દિલ્હી'માં ભૂતકાળના અને વર્તમાનના દિલ્હીનું કેવું રૂપ પ્રગટયું છે ?
5. 'આપની યાદી' આલેખાયેલી કવિની જીવનદૃષ્ટિ સ્પષ્ટ કરો.
6. 'હરિનાં દર્શન'માં ભકત હૃદયના ભાવો કેવી રીતે રજૂ થયા છે ?
7. 'ધણ ઉઠાવ' કાવ્યનો કેન્દ્રવર્તી ભાવ સમજાવો.
8. 'આંધળો' કાવ્યમાં કવિએ આધુનિક નગરજીવનનું વાસ્તવિક રૂપ કેવી રીતે પ્રગટાવ્યું છે ?

www.StudyGuideIndia.com

પ્રશ્નઃ–3 નીચેની પંક્તિઓ પૂર્વાપર સંબંધ આપી સમજાવો. (12)

1. શ્યામ રંગ સમીપે ન જાવું, માહારે આજ થકી શ્યામ રંગ–
2. ‘બા–બાપુ! ન કશુંય ભૂલિયાં, એક ભૂલ્યાં મને કે ?’
3. એક જ દે ચિનગારી,
   મહાનલ, એક જ દે ચિનગારી.

પ્રશ્નઃ–4 સૂચના મુજબ જવાબ લખો. (10)

1. ‘નીલાંબર’ સમાસ ઓળખાવીને સમજાવો.
2. મધ્યમપદલોપી સમાસનું એક ઉદાહરણ આપો.
3. ‘વળાવી બા આવી’ કાવ્યનો છંદ દર્શાવો.
4. કવિ કલાપીનું મૂળ નામ લખો.
5. ‘નિરંકુશ’ અને ‘લઘુતા’ના પ્રત્યયો સમજાવો.
6. તત્સમ અને તદ્ભવ શબ્દોના એક એક ઉદાહરણ આપો.
7. અનન્વય અલંકારની સમજૂતી આપો.
8. ‘ધોળાં ધાવણ કેરી ધારાએ’નો અલંકાર ઓળખવો.
9. ‘વધામણા’ કયા પ્રકારનું સૉનેટ છે ?
10. ‘જયેષ્ઠ’ અને ‘બિસ્મિલ’ શબ્દોના અર્થ જણાવો.

www.StudyGuideIndia.com

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા એપ્રિલ - 2011

**અભ્યાસક્રમ** : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)**

નોંધણી નંબર : ________________

**પાઠ્યક્રમ** : ગુજરાતી સાહિત્યની રૂપરેખા **(EGT-03)**
**તારીખ** : **25/04/2011**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : (1) દરેક પ્રશ્નોના ગુણ દર્શાવેલ છે.
(2) દરેક પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે. **કુલ ગુણ : 70**

---

પ્રશ્નઃ–1 મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિશિષ્ટતાઓ અને મર્યાદાઓ જણાવો. (14)

**અથવા**

ગુજરાતી ભાષાની વિકાસ ભૂમિકાઓ તેના મહત્ત્વના લક્ષણો સાથે જણાવો.

પ્રશ્નઃ–2 અખાને હસતો કવિ શા માટે કહેવામાં આવે છે તે જણાવી તેના સર્જનનો પરિચય કરાવો. (14)

**અથવા**

દલપતરામની સાહિત્ય સેવાનું મૂલ્યાંકન કરો.

પ્રશ્નઃ–3 'નર્મદ' ની સાહિત્ય સેવાઓ જણાવો. (14)

**અથવા**

પંડિતયુગના પ્રમુખ કવિઓની કવિતાઓનો ટૂંકમાં પરિચય કરાવો.

પ્રશ્નઃ–4 ઝવેરચંદ મેઘાણીની સાહિત્ય સેવાઓનો પરિચય કરાવો. (14)

**અથવા**

'સુરેશ જોષી'ના સાહિત્ય સર્જનનો પરિચય કરાવો.

પ્રશ્નઃ–5 માગ્યા પ્રમાણે ઉત્તર આપો. (14)

1. ટૂંકનોંધ લખો. (ગમે તે **એક**) (04)
   (અ) સરસ્વતીચંદ્ર (બ) ચિત્ત વિચાર સંવાદ
2. નિરંજન ભગતના બે કાવ્યસંગ્રહોના નામ જણાવો. (02)
3. 'સમૂળી ક્રાંતિ' કયા લેખકની કૃતિ છે ? (02)
4. મધ્યકાલીન યુગમાં ગરબી પ્રકારની કવિતાઓ કયા સર્જકે લખેલી છે ? (02)
5. મધ્યકાલીન યુગમાં આદ્યકવિ તરીકે કોને ગણવામાં આવે છે ? (02)
6. નીચેના શબ્દોના અર્થ આપો. (02)
   અલખ, બહુશ્રુત, અનભિરી, લોકગીત

---

www.StudyGuideIndia.com

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા એપ્રિલ - 2011

**અભ્યાસક્રમ** : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : ગુજરાતી સાહિત્યના સ્વરૂપો **(EGT-04)**
**તારીખ** : **25/04/2011**
**સમય** : **03.00 to 06.00**
**સૂચના** : (1) દરેક પ્રશ્નોના ગુણ દર્શાવેલ છે.
(2) દરેક પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે. **કુલ ગુણ : 70**

---

પ્રશ્નઃ–1 ગુજરાતી ભાષાના ઉદ્‌ભવ અને વિકાસની વિગતે ચર્ચા કરો. (14)

**અથવા**

આખ્યાનના સ્વરૂપને લક્ષમાં રાખી 'કુંવરબાઈનું મામેરું' આખ્યાનનું મૂલ્યાંકન કરો.

www.StudyGuideIndia.com

પ્રશ્નઃ–2 સૉનેટના લક્ષણો જણાવી, સૉનેટના ઉદ્‌ભવ અને વિકાસની ચર્ચા કરો. (14)

**અથવા**

બ. ક. ઠાકોરના સૉનેટ સર્જનનો પરિચય કરાવો.

પ્રશ્નઃ–3 ટૂંકીવાર્તાનું સ્વરૂપ સ્પષ્ટ કરી તેનો વિકાસ આલેખો. (14)

**અથવા**

'ધૂમકેતુ' અને 'દ્વિરેફ'ની વાર્તાકલાની ઉદાહરણ સાથે ચર્ચા કરો.

પ્રશ્નઃ–4 'લોહીનું ટીપું' **અથવા** 'જન્મોત્સવ' ટૂંકીવાર્તાનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. (14)

પ્રશ્નઃ–5 ટૂંકનોંધ લખો. (ગમે તે **બે**) (14)

1. 'જૂનું પિયરઘર' સૉનેટની રસલક્ષી સમીક્ષા
2. 'માને ખોળે' ટૂંકીવાર્તાના શીર્ષકની યથાર્થતા
3. 'ઊર્મિ કવિતા' અને તેના મુખ્ય પ્રકારો
4. આખ્યાનમાં રસનિરૂપણ અને રસસંક્રમણ કલા

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા એપ્રિલ - 2011

**અભ્યાસક્રમ** : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : ગુજરાતી ભાષા **(EGT-05)**
**તારીખ** : **26/04/2011**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : (1) દરેક પ્રશ્નોના ગુણ દર્શાવેલ છે.
(2) દરેક પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે. **કુલ ગુણ : 70**

---

પ્રશ્નઃ–1 ભાષાની સાંકેતિકતા, યાદચ્છિકતા, દ્વિસ્તરીયતા અને ખુલ્લાપણાને ઉદાહરણો સાથે સમજાવો. (14)

**અથવા**

ગુજરાતીના ઉદ્ભવ સમયની ભાષા ભૂમિકાનાં મુખ્ય ધ્વનિ લક્ષણો તથા શબ્દભંડોળ અંગે ચર્ચા કરો.

પ્રશ્નઃ–2 ધ્વનિ, ધ્વનિઘટક અને ધ્વનિ વ્યવસ્થા તથા ઉપધ્વનિઘટક ઉદાહરણ સાથે સમજાવો.(14)

**અથવા**

લખાણમાં વિરામચિહ્નો તથા પરિચ્છેદ લેખનની સદૃષ્ટાંત ચર્ચા કરો.

પ્રશ્નઃ–3 વાકયનો અર્થ, વાકયનાં લક્ષણો અને વાકયમાં પદસંવાદ અંગે ઉદાહરણ સાથે ચર્ચા કરો. (14)

**અથવા**

દ્વન્દ્વ સમાસ, તત્પુરુષ સમાસ તેમજ મધ્યમપદલોપી સમાસની ઉદાહરણો સાથે સમજૂતી આપો.

પ્રશ્નઃ–4 ભાષાની સામાજિક વિવિધતા જણાવી, ભાષા અને બોલી વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો. (14)

**અથવા**

સૌરાષ્ટ્રની બોલીના ઉચ્ચારણ વિષયક તેમજ વ્યાકરણ વિષયક વિશેષતાઓ જણાવો.

પ્રશ્નઃ–5 ટૂંકનોંધ લખો. (ગમે તે **બે**) (14)

1. નર્મદનું ગદ્ય
2. પંડિતપુત્રના ગદ્યના મહત્ત્વના લક્ષણો
3. આધુનિક યુગના ગદ્યના મુખ્ય લક્ષણો
4. વિજ્ઞાનના પ્રયોગોનું ગદ્ય

---

www.StudyGuideIndia.com

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા એપ્રિલ - 2011

**અભ્યાસક્રમ** : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : સાહિત્ય સિદ્ધાંત અને ભાષા વિનિયોગ **(EGT-06)**

**તારીખ** : **26/04/2011**

**સમય** : **03.00 to 06.00**

**સૂચના** : (1) દરેક પ્રશ્નોના ગુણ દર્શાવેલ છે.
(2) દરેક પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે. **કુલ ગુણ : 70**

---

પ્રશ્નઃ–1 કલા એટલે શું ? તે સમજાવી લલિત અને લલિતેતર કલાઓનો ભેદ સ્પષ્ટ કરો. (14)

**અથવા**

સાહિત્ય એટલે શું ? તે સ્પષ્ટ કરી સાહિત્યમાં સર્જનની પ્રક્રિયા સમજાવો.

પ્રશ્નઃ–2 કાવ્યના હેતુઓની આલોચના કરો. (14)

**અથવા**

કાવ્યના પ્રયોજનોની ઉદાહરણ સાથે ચર્ચા કરો.

પ્રશ્નઃ–3 રસનિષ્પતિની પ્રક્રિયા સમજાવી, રસપ્રતીતિનાં વિઘ્નો જણાવો. (14)

**અથવા**

કુંતકનો વક્રોકિતવિચાર જણાવી, કાવ્યરચનાના માર્ગો જણાવો.

પ્રશ્નઃ–4 સાહિત્ય વિવેચનની વિભાવના સ્પષ્ટ કરી, વિવેચનની પદ્ધતિઓ અંગેની ચર્ચા કરો. (14)

**અથવા**

ગદ્ય એટલે શું ? તે સ્પષ્ટ કરી કથનાત્મક અને સંવાદાત્મક ગદ્યની સમજૂતી આપો.

પ્રશ્નઃ–5 ટૂંકનોંધ લખો. (ગમે તે **બે**) (14)

1. નોકરી મેળવવા માટેની અરજી
2. અહેવાલનું બંધારણ અને પ્રકારો
3. ગદ્યના પ્રકાર
4. પુસ્તકાવલોકનનું સ્વરૂપ

---

www.StudyGuideIndia.com